આજે નેશનલ ટેલેન્ટ સર્ચ પરીક્ષાને લઈ ઉત્સુકતા છે

એનટીએસની પરીક્ષામાં ૩૦ હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે : પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરાઈ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં આવતીકાલે એનટીએસની પરીક્ષા જુદા જુદા કેન્દ્રો પર લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં આશરે ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત એનએમએમએસની પરીક્ષામાં ૫૦૦ વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાના હેતુસર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા અને પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે આપવી પડતી એનએમએમએસની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે.

ધોરણ-૧૦ પછી માસ્ટર ડિગ્રી સુધીના ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ મેળવવા આપવી પડતી નેશનલ ટેલેન્ટ સર્ચ સ્પર્ધાત્મક પરીક્ષા આવતીકાલે લેવાનાર છે. ધોરણ-૮ પછી ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ મેળવવા આપવી પડતી નેશનલ મિન્સ કમ ટેલેન્ટ સર્ચ પરીક્ષામાં રાજ્યમાંથી અંદાજે ૫૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. ઉલ્લેખનીય છે કે એનએમએમએસ પરીક્ષામાં સફળ થનાર વિદ્યાર્થીઓને પ્રતિમાસ રૂપિયા ૫૦૦ની સ્કોલરશીપ આપવામાં આવે છે.રાજ્યના પરીક્ષા વિભાગ દ્વારા જણાવ્યા મુજબ આ બંને પરીક્ષાઓ ૧૭મી નવેમ્બર અને રવિવારના રોજ સવારે ૧૧ થી ૨ વાગ્યા દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષા માટેની હોલ ટીકીટોનું વિતરણ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીથી આજે કરવામાં આવ્યું હતું.

શહીદે કરબલા પર વાયઝ તકરીર

ગાંધીનગર, તા. ૧૬

સે. ૨૯ હુસેની ચોક ખાતે ૧૭ નવેમ્બર રવિવાર રાત્રે ૯.૩૦ કલાકે નમાઝ બાદ શહીદે કરબલા પર વાયઝ તકરીર ફરમાવી દિલોને મૌલાના ગુલામ રસુલ અસરફી મુનવર કરશે. જેમાં શહેરના તમામ મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

શ્રી પંચમુખી મહાદેવ મંદિરે અન્નકુટ અને આરતીનું આયોજન

શ્રી પંચમુખી મહાદેવ મંદિર ખાતે તા. ૧૭ નવેમ્બર દેવદિવાળી નિમિત્તે 'અન્નકુટ દર્શન'નો કાર્યક્રમ સવારે ૭.૩૦ થી ૧૨.૦૦ સુધી રાખવામાં આવેલ છે. અન્નકૂટ દર્શન પછી બપોરે ૧૨-૦૦ વાગે આરતી પછી પ્રસાદનું વિતરણ કરવામાં આવનાર છે. સર્વ શિવ ભકતોએ પ્રસાદ અને દર્શનનો લાભ લેવા સંસ્થાના પ્રમુખશ્રી તરફથી નિમંત્રણ આપવામાં આવેલ છે.

પાંચ સસંદીય સચિવો બનાવવાની કવાયત વધુ કેટલાક બોર્ડ-નિગમોમાં નિમણુંકો કરાશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યા બાદ અને બોર્ડ નિગમોમાં ડીરેક્ટરોની નિમણુંક પછી હવે પાંચ સંસદીય સચિવોની નિમણુંકો કરવા માટેની કવાયત રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરીને ૬ નવા સભ્યોનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેટલાક બોર્ડ નિગમોમાં ૧૨ જેટલા ચેરમેનોની નિમણુંકો કરવામાં આવ્યા બાદ વિવિધ બોર્ડ-નિગમોમાં અંદાજે ૪૧ જેટલા સભ્યોની પણ નિમણુંકો કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારમાં પાંચ સંસદીય સચિવોની નિમણુંકો કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આગામી સપ્તાહ બાદ સંભવત ૨૫મી તારીખની આસપાસ સંસદીય સચિવોની નિમણુંકો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને તેમજ જે જિલ્લાઓને મંત્રીમંડળકે બોર્ડ-નિગમોમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી તેવા જિલ્લાઓને તેમજ બાકી રહી ગયેલ જ્ઞાતી અને સમાજને પણ ધ્યાનમાં રાખીને સંસદીય સચિવમાં પ્રતિનિધિત્વ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહત્વના મોટા દસ જેટલા બોર્ડ-નિગમોમાં હજુ સુધી ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો કરવામાં આવી નથી. આ બોર્ડ-નિગમોમાં કેટલાક સીનીયર ભાજપના આગેવાનો અને કાર્યકરોનો ચેરમેન અને ડીરેક્ટર તરીકે નિમણુંક કરવા માટે સંગઠન સાથે પરામર્શ કરવામાં આવશે અને પક્ષ તરફથી જે નામોની યાદી આપવામાં આવશે તેના પર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આ બોર્ડ નિગમોમાં પણ આ માસના અંતમાં નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકોનો દોર શરૂ કરવામાં આવતા ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જાગવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા કેટલાક પૂર્વ ધારાસભ્યોને હજુ કોઈ સ્થાન આપવામાં આવ્યું ન હોઈ આ આગેવાનોને પણ કોઈ બોર્ડ-નિગમોમાં સમાવવામાં આવે તેવી પણ શક્યતા સેવાઈ રહી છે.

ચકચારી દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસ

સાધક કૌશિક વાણી ગેરહાજર રહેતા ચાર્જફ્રેમની પ્રક્રિયા ટળી

અમદાવાદ, તા.૧૬

ચકચારી દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસમાં સંકળાયેલા આસારામ આશ્રમના સાત સાધકો સામે ચાર્જફ્રેમ કરવાની પ્રક્રિયામાં વધુ એક મુદ્દત પડી છે. સાત સાધકો પૈકીના સાધક કૌશિક વાણી આજરોજ ચીફ મેટ્રોપોલીટન જજ એસ.વી. પારેખની કોર્ટમાં ગેરહાજર રહેતા કોર્ટે ચાર્જફ્રેમ કરવાની પ્રક્રિયા ૨૫મી નવેમ્બર પર મુલતવી રાખી છે. આગામી ૨૫મી નવેમ્બરના રોજ ચાર્જફ્રેમની કાર્યવાહી હાથ ધરાશે. વર્ષ ૨૦૦૮માં અમદાવાદ સ્થિત આસારામ આશ્રમમાં અભ્યાસ કરતા કુમળી વયના બે બાળકો દિપેશ-અભિષેક કોઈ કારણોસર મૃત્યુ પામ્યા હતા. આ ઘટનામાં અમદાવાદ સીઆઈડી ક્રાઈમે આસારામ આશ્રમના સાત સાધકો વિકાસ ખેમકા, મિન કેતન, ઉદય સાંઘાણી, અજય શાહ, કિશોર વાણી સહિત સાત સાધકો વિરૂદ્ધ બેદરકારી અંગેનો ગુનો નોંધી તપાસ કરી ચાર્જશીટ રજુ કરી હતી. આગામી આ કેસમાં સાત સાધકો વિરૂદ્ધ ચાર્જફ્રેમની પ્રક્રિયા હાથ ધરવાની છે પરંતુ આ સાતેય સાધકો છેલ્લા આઠ મહિનાથી ચાર્જફ્રેમની પ્રક્રિયામાં રોડા નાંખવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ જાણી જોઈ કોર્ટમાં ગેરહાજર રહી ચાર્જફ્રેમની પ્રક્રિયામાં વિલંબ ઉભો કરી રહ્યા છે ગત પમી ઓક્ટોબરના રોજ ચાર્જફ્રેમની પ્રક્રિયામાં ચાર સાધકો ગેરહાજર રહ્યા હતા જેમાં કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું તેથી આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા હતા. આજરોજ ચીફ મેટ્રોપોલીટન જજ એસ.વી. પારેખની કોર્ટમાં ચાર્જફ્રેમની પ્રક્રિયા હાથ ધરવાની હતી પરંતુ એક સાધક કૌશિક વાણી ગેરહાજર રહેતા ચાર્જફ્રેમની પ્રક્રિયા ફરીથી ટળી હતી. કોર્ટે આગામી ૨૫મી નવેમ્બરના ચાર્જફ્રેમની કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે.

સચિનને ભારત રત્ન... ● પહેલા પાનાનું ચાલુ

જુદા જુદા રાજકીય પક્ષોએ પણ આની તરફેણ કરી હતી. સચિનને ભારત રત્ન આપવા પર અનેક પૂર્વ ક્રિકેટરોએ ખુશી વ્યક્ત કરી છે અને કહ્યુ છે કે સચિન ચોક્કસપણે આના માટે હક્કદાર છે. સચિન તેન્ડુલકરને આ સન્માન આપવા માટે લતા મંગેશકરે પણ બે દિવસ પહેલા જ રજુઆત કરી હતી. સચિને ક્રિકેટ ઇતિહાસમાં લગભગ તમામ રેકોર્ડ પોતાના નામ પર કર્યા છે. ટેસ્ટ ક્રિકેટ અને વનડે ક્રિકેટમાં સૌથી વધુ સદી, સૌથી વધુ અર્ધસદી, સૌથી વધુ મેન ઓફ ધ મેચ, સૌથી વધુ ટેસ્ટ અને વનડે રન સહિતના તમામ રેકોર્ડ સચિનના નામ પર છે. વનડે ક્રિકેટમાં પણ ત બેવડી સદી ફટકારના પ્રથમ બેટ્સમેન બન્યો હતો ત્યારબાદ અન્ય બે બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગ અને રોહિત શર્માએ બેવડી સદી કરી હતી. પરંતુ સચિન તમામ સિદ્ધિ સૌથી પહેલા મેળવી શક્યો હતો. સચિન તેન્ડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યુ છે. સચિને ૨૦૦ ટેસ્ટમેચોમાં ૧૫૮૨૧ રન બનાવ્યા છે. જ્યારે તેની વનડે કેરિયરમાં સચિને ૪૬૩ વનડે મેચોમાં ૧૮૪૨૬ રન બનાવ્યા છે. સચિન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદી ફટકારનાર એક માત્ર ક્રિકેટર છે. વનડે ક્રિકેટમાં ડબલ સદી ફટકારનાર તે પ્રથમ ખેલાડી બન્યો હતો. સચિનની સાથે સાથે સીએનઆર રાવને પણ ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી છે. સીએનઆર રાવનું પુરુ નામ ચિંતામણી નાગેશા રામચંદ્ર રાવ છે. તેમને મૂળભૂતરીતે સીએનઆર રાવ તરીકે ઓળખવામાં આવે છે. રાવ હાલમાં નેશનલ રિસર્ચ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. રસાયણ શાસ્ત્રના ક્ષેત્રમાં તેઓ નિષ્ણાંત રહ્યા છે. સોલિડ સ્ટેટ એન્ડ સ્ટ્રક્ચરલ કેમેસ્ટ્રીમાં તેઓએ ઘણુ બધુ કામ કર્યુ છે. વડાપ્રધાનની વૈજ્ઞાનિક સલાહકાર પરિષદના વડા તરીકે તેઓ કામ કરી રહયા છે. પ્રોફેસર સીએનઆર રાવ ભારતના પ્રથમ માર્સ મિશનના વડા રહ્યા છે. સીએનઆર રાવ જાણિતા વૈજ્ઞાનિક રહ્યા છે. તેઓએ ૧૪૦૦ રિસર્ચ પેપરો અને ૪૫ પુસ્તકો લખ્યા છે. મોટા ભાગની વૈજ્ઞાનિક સંસ્થાઓ દ્વારા રાવનું સન્માન કરવામાં આવી ચુકયુ છે. ભારત રત્ન વર્ષોના ગાળા બાદ આપવાની જાહેરાત કરાઈ છે. છેલ્લે ક્લાસિકલ પંડિત ભીમસેન જોષીને આ સન્માન અપાયુ હતુ. સીએનઆર રાવનો જન્મ બેંગ્લોરમાં થયો હતો. તેઓએ ૧૯૫૧માં મેસુર યુવિવર્સિટીમાંથી બેચલર ડિગ્રી મેળવી હતી. બે વર્ષ બાદ બીએચયુમાંથી માસ્ટર ડિગ્રી મેળવી હતી. ૧૯૫૮માં પીએચડીની ડિગ્રી મેળવી હતી. ૧૯૬૩માં તેઓએ ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી કાનપુરમાં ફેકલ્ટી તરીકે જોડાયા હતા.

રોજગારીની તક... ● પહેલા પાનાનું ચાલુ

ગવર્નન્સ ક્ષેત્રમાં ગુજરાતે દેશમાં પહેલ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્યમાં ૨૪ કલાક વીજળીની સુવિધા અને ગ્રામ્ય વિસ્તાર સુધી વિકસેલી ટેકનોલોજી માળખાકીય સુવિધાઓના જી-સ્વાન, ઓપ્ટીકલ ફાઈબર નેટવર્કના પરિણામે રાજ્યની વહીવટી શાસન વ્યવસ્થામાં પારદર્શિકતા આવી હોવાનો અનુભવ આમ નાગરિકોને થઈ રહ્યો છે. મુખ્યમંત્રીએ સામાન્ય માનવીની ભલાઈ માટેના આઈ.ટી. ઈન્ટર વેન્શન વિકસાવવા ટાસ્કફોર્સ બનાવવા પણ સૂચવ્યું હતું. ટાટા ગ્રુપના ચેરમેન સાઈરસ મિસ્ત્રીએ પણ ગરિમા પાર્કદ્વારા ૧૦ હજાર યુવાનોને રોજગારીનો અવસર પ્રાપ્ત થશે તેમ જણાવી ટાટા ગ્રૂપને રાજ્યમાં અનેકક્ષેત્રે વ્યવસાયિક સંબંધો વિકસાવવાની તક મળી હોવાનું ઉમેર્યું હતું. ટાટા ગ્રૂપના સી.ઈ.ઓ. એન ચંદ્રશેખરે જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે વર્લ્ડક્લાસ કેમ્પસ શરૂ થતા રાજ્યમાં આઈ.ટી. ઉદ્યોગના નિયતસ્થાને વેગ અપાશે. ૨૫.૫ એકર જમીનમાં વિકસાવાયેલા તેમજ ૧૬ લાખ ચો.ફૂટ વિસ્તારમાં બંધાયેલા ગરિમા પાર્ક દ્વારા કંપનીના સોફ્ટવેર ડેવલપમેન્ટ અને ડિલિવરી સેન્ટર્સના ગ્લોબલ નેટવર્કમાં નવો ઉમેરો થયો છે. ગરિમા પાર્ક કર્મચારીઓ માટે આધુનિક અને સમઝલક્ષી વર્કીંગ સ્પેસ બનશે. પાર્કમાં ૨૫૦ બેઠકનું એમ.પી. થિયેટર તેમજ જરૂરી પર્પઝ હોલ પણ બનાવાયો છે. આ ઉપરાંત આધુનિક જીમ, ટેનિસ, બેડમિન્ટન અને બાસ્કેટ બોલ કોટ, જોગીંગ ટ્રેક કાફેટેરીયા સહીતની જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગરિમા પાર્કના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય સચિવ વરેશ સિન્હા આઈ.ટી. સચિવ એમ.જે. હૈદર સહીત સ્થાનિક ધારાસભ્ય અને મેયર ઉપસ્થિત રહ્યા હતા.

ટાઈમ લાઈન... ● છેલ્લા પાનાનું ચાલુ

૩. કે.બી.બાયજુ - એસપીજી પરસોનલ રહી ચૂક્યાં છે. રાહુલ ગાંધીની ટૂરમાં તેઓ સિક્યોરિટી એરેન્જમેન્ટ કોઓર્ડિનેટ કરે છે. મિડીયા રિલેટેડ મેટરમાં પણ રાહુલને સાથ આપે છે.

૪. ડો. કપ્પુલા રાજુ - આંધ્ર-દેશ કેડરના ૧૯૮૧માં બેચના પૂર્વ આઈએએસ અધિકારી છે. તેમનું રાજીનામું ઓગષ્ટ-૨૦૧૩માં મંજૂર કરવામાં આવ્યું છે. ઈકોનોમિક મેનેજમેન્ટમાં તેઓ એમફિલ થયેલા છે. કોંગ્રેસના સિડ્યુઅલ કાસ્ટ સેલના તેઓ ચેરમેન છે અને કોંગ્રેસના વોર-રૂમના સભ્ય છે.

૫. કૌશલ વિદ્યાર્થી - રાહુલ ગાંધીના કોરગ્રુપમાં છે. ઓક્સફર્ડમાં એજયુકેશન લીધું છે. સોશ્યલ સ્ટેટેજીના માહિર છે. રાજીવ ગાંધી મહિલા વિકાસ પરિયોજનાના તેઓ ન્ડ્રામ મેનેજર છે.

૬. ડો.જી. મોહન ગોપાલ - એનએસયુઆઈના પૂર્વ ન્ડ્રિસેન્ટ છે. ઈલેક્ટ્રોરલ ટેકનોલોજીના તેઓ માહિર છે. ઈલેકશનના કોઈપણ ઈસ્યુ હોય તેઓ હેન્ડલ કરે છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશનના મેઈન એડમિનિસ્ટ્રેટર અને થિંકટેન્ક છે.

૭. અલંકાર સવાઈ - ટેકનોક્રેટ છે. રિસર્ચમાં ખૂબ અનુભવ છે. આઈસીઆઈસીઆઈના ક્રેડિટ ડિવિઝનમાં કામ કર્યું છે. રાહુલની સોશ્યલ મિડીયા ટીમમાં છે. યુથ કોંગ્રેસમાં કામ કરી રહ્યાં છે. ટીમના સભ્યોનું કોઓર્ડિનેટીંગનું કામ કરે છે. પાર્ટી અને સરકારમાં રાહુલની પોલિટીકલ બાબતોનું મોનિટરીંગ પણ કરે છે.

૮. ભંવર જીતેન્દ્રસિંહ - અલવરના રોયલ ફેમિલીમાંથી આવે છે. જર્મનીમાં ઓટોમોબાઈલ એન્જિનયરીંગનો અભ્યાસ કર્યો છે. સરકારમાં રાહુલ ગાંધીની -થમ ચોઈસ છે. તેઓ રાહુલને બોસ કહે છે. યુપીએ સરકારમાં તેઓ યુથ એન્ડ સ્પોર્ટ્સના મિનિસ્ટર છે.

૯. મિનાક્ષી નટરાજન - મધ્ય-દેશની મનસૌર લોકસભા બેઠકના સભ્ય છે. ગ્રાઉન્ડ એનેચ ધરાવે છે તેથી રાહુલની ટીમની સામેલ છે. ઈલેક્ટ્રોરલ કેમ્પેઈન સારૂ જાણે છે.

૧૦. દિગ્વિજયસિંહ - આ નેતાને કોણ જાણતું નથી. કોઈપણ એકશનનું રિએકશન સારી રીતે આપી શકે છે. તેમના એક વિધાનથી ભાજપના નેતાઓ રિએક્ટ કરે છે. તેમના રિએકશનમાં પણ એકશન હોય છે. મધ્ય-દેશના રાજકારણના અઠંગ ખેલાડી છે. હવે તેમનો ઉપયોગ રાષ્ટ્રીય લેવલે કરવામાં આવે છે.

નરેન્દ્ર મોદીના સાથીદારો .....

૧. અમિત શાહ - ગુજરાતના રાજ્યકક્ષાના પૂર્વ ગૃહમંત્રી અને હાલના ધારાસભ્ય છે. તેમણે ભાજપની ઉત્તર-દેશની કમાન સંભાળી છે. એન્કાઉન્ટરના કેસોમાં સીબીઆઈ તેમની પાછળ પડી છે છતાં અડિખમ તેઓ ચૂંટણી -ચારમાં અત્યંત વ્યસ્ત રાજકીય નેતા છે. મોદીની થિંકટેન્કના -થમહરોળના સભ્ય છે.

૨. રાજેશ જૈન - ઈન્ટરનેટ યુઝર્સ અને વેબપોર્ટલના માહિર છે. નરેન્દ્ર મોદીના પોલિટીકલ કેમ્પેઈનની ટેકનોલોજીના ન્ડ્રેશાદાતા છે. મુંબઈ બેઝ ધરાવે છે. વિધાનસભાની ૨૦૧૨માં ચૂંટણીમાં તેમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોલંબિયા યુનિવર્સિટીમાંથી તેમણે પોસ્ટ ગ્રેજયુએશન કર્યું છે. લોકસભામાં ભાજપને ૩૩૦થી વધારે બેઠકો અપાવવાનો તેમનો દાવો છે.

૩. બી.જી. મહેશ - બેંગ્લુરુ સ્થિત આ વ્યક્તિ ઈન્ફર્મેશન ટેકનોલોજીના જ્ઞાતા છે. તેમની પાસે ૧૦૦ યુવાનોની ટીમ છે. રાજેશ જૈન સાથે તેઓ ટ્વિટર અને ફેસબુક સહિતના સોશ્યલ મિડીયાની જવાબદારી સંભાળે છે. તેમણે બર્મિંગહામની એલબામા યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજયુએટ કર્યું છે. લેબ પોર્ટલના નિષ્ણાંત છે. તેઓ કહે છે કે"આઈ એમ નોટ એફિલિયેટેડ ટુ એની પોલિટીકલ પાર્ટી".

૪. અરૂણ જેટલી - ભાજપના રાષ્ટ્રીય નેતા અને મોદીના ખાસ મિત્ર ગણાય છે. ગુજરાતમાંથી રાજયસભામાં ચૂંટાયા છે. મોદીની લિગલ બેટલને સરળ બનાવી દેવામાં તેઓ માહિર છે. તર્કબદ્ધ દલીલો સામે કોંગ્રેસના ધૂરંધર નેતાઓ પાણી ભરે છે.

૫. પરિન્દુ ભગત - ગુજરાતમાં ૨૦૦૧માં નરેન્દ્ર મોદીની એન્ટ્રી થઈ ત્યાર થી તેઓ તેઓ તેમની સાથે છે. સંગઠન અને સરકારમાં સારી પક્કડ ધરાવે છે. સબંધો બાંધવામાં તેઓ માહિર છે. કાકુભાઈના નામથી તેમને પાર્ટીમાં અને સરકારમાં લોકો ઓળખે છે.

૬. ડો. હિરેન જોષી - આઈઆઈટી-પૂનાના પાસ આઉટ આ અધિકારી વિવેકાનંદ દર્શનમાં અપાર વિશ્વાસ ધરાવે છે. તેઓ એટલા સરળ છે કે તેમના -ભાવનો ઉપયોગ નથી કરી શકતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આઈટીના તમામ કામો તેઓ કરે છે. આઈટી સેવી હોવા છતાં તેમની તસવીર કે તેમના વિષેની જાણકારી નેટ ઉપર નહીવત છે.

૭. મૌલિક ભગત - અંડર થર્ટી એવા આ યુવાન મુખ્યમંત્રીનું થ્રી-ડી ચૂંટણી -ચાર અભિયાન સંભાળવાના છે. વિધાનસભાની ચૂંટણીમાં મોદી થ્રી-ડી -ચાર કરતા જોવા મળ્યા હતા તેવા -ચાર હવે લોકસભાની ચૂંટણીમાં કરશે અને તેમાં પડદા પાછળ કદાચ મૌલિક રહેશે. તેઓ પરિન્દુ ભગતના પુત્ર છે. સોફ્ટવેર અને મિડીયા ફર્મ ચલાવતા મૌલિકે રાજયસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીની ભત્રીજી સાથે લગ્ન કર્યા છે."વણથંભ્યુ ગુજરાત..." નામની વિડીયો એ તેમનું ક્રિયેશન માનવામાં આવે છે.

૮. કુનિયલ કૈલાસનાથન - મોદી શાસનમાં વર્ષો સુધી તેમણે મુખ્યમંત્રીના કાર્યાલયમાં કામ કર્યું છે. તેઓ આઈએએસ છે અને છેલ્લે અધિક મુખ્યસચિવ પદે નિવૃત્ત થયા હતા અને સીએમઓમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ પદે પુર્નનિયુક્તિ મેળવી છે. આજે તેમની પાસે ૬૦ ટકા પોલિટીકલ અને ૪૦ ટકા વહીવટી કામ છે.

૯. ગિરીશચંદ્ર મુર્મુ અને એ.કે.શર્મા - ગુજરાત સરકારમાં મુખ્યમંત્રીની કચેરીમાં અગ્ર સચિવનું કામ કરતા આઈએએસ અધિકારી ગિરીશચંદ્ર મોદીની કાયદાકીય બાબતોમાં રખેવાળી કરે છે. નવી દિલ્હીના આંટાફેરા કરીને અદાલતોમાં ચાલતા કેસોમાં તેમજ પોલીસ સાથે સંકળાયેલી વિવાદાસ્પદ બાબતોને પણ તેઓ તપાસે છે, જયારે એ.કે.શર્મા મુખ્યમંત્રીના અધિક અગ્રસચિવ છે જેઓ ચૂંટણી -ચારમાં મોદીને સતત અપડેટ રાખવાનું કામ કરે છે. તેઓ મોદી માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ઘટનાઓનું સમયસર ધ્યાન દોરતી ટીમના એક સભ્ય છે.

૧૦.પુરૂષોત્તમ રૂપાલા - આ એક એવું નામ છે જે મોદી સાથે શરૂઆતથી જ જોડાયેલું છે. સૌરાષ્ટ્રની તળપદી ભાષામાં લોકોની બોલી બોલતા આ નેતા કોઈપણ રેલીમાં પબ્લિકનો જુસ્સો ટકાવી રાખવામાં પાવરધા છે. એક સમયના કેબિનેટ મંત્રી અને આજે રાજયસભાના સભ્ય એવા આ નેતા કોઈપણ ચૂંટણી આવે ત્યારે મોદીની વહારે આવી જાય છે. તેમને પાર્ટીના નેતાઓ મજાકમાં એવું પણ કહે છે કે રૂપાલા ઈઝ ધ બેસ્ટ સીએમ કેન્ડિડેટ નેક્સ્ટ ટુ મોદી...

શબ્દાવલી - ૫૨૨૮



આડી ચાવી

૧. અર્થ, સાર (૪)
૪. દયા (૩)
૭. ગાગર, હાંડો (૨)
૮. લલ્લુ-પંજુ (૫)
૯. જૈનોને જપવાનો એક મંત્ર (૪)
૧૦. જરાક (હિન્દી) (૩)
૧૧. કિનારો, આરો (૨)
૧૨. આમળો, આંટી (૨)
૧૩. ચુનીને... પણ કહેવાય (૨)
૧૪. ખુન, મારી નાખવું તે, ... કરવી (૩)
૧૬. માસિક પગાર કે વેતન (૪)
૧૮. પહોળુ (૩)
૧૯. ... કયું તુમ્હે ચાહે... (૪)
૨૧. કેડ, કટી (૩)
૨૨. 'ઈજાજત' શબ્દ આડો અવળો (૪)

ઊભી ચાવી

૧. કામ (૪)
૨. તલ અને ગોળને વાટે તે (૪)
૩. ડાકુ (૬)
૪. ખેલ (૩)
૫. જંગલિયાત (૫)
૬. રાજા, બાદશાહ (૩)
૧૩. વિષયેચ્છાથી આતુર (૪)
૧૪. કરકસર (૪)
૧૫. ધિક્કારનો ઉર્દૂ પણ પ્રચલિત શબ્દ (૪)
૧૬. ચમક..., દમકાટ (૩)
૧૭. બે... નો સરવાળો કરો (૩)
૧૯. ટેબલ (૨)
૨૦. મોજ, આનંદ (૨)

શબ્દાવલી ૫૨૨૭ના જવાબ

આડી ચાવી :- (૧) પરોપકાર (૫) સવા (૭) કરવત (૮) તાજ (૧૦) જુઠણ (૧૨) ઉકરડો (૧૫) પથરાળ (૧૭) મહાવરો (૧૮) ઈનામ (૨૦) નરટાજ (૨૪) તમા

ઊભી ચાવી :- (૧) પરગજુ (૨) પકતાણ (૩) કારજ (૪) રવ (૬) વાટ (૯) ફરરા (૧૧) ઠગ (૧૨) ઉપવન (૧૩) કથરોટ (૧૪) ડોળ (૧૬) સાઈન (૧૭) મમત (૧૯) નાલ (૨૧) રાત (૨૨) જમા

ટચૂકડી જાહેર ખબર

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે

ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨ ઉપ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફલોરના ફલેટ તથા સે.પસીમાં ફલેટ
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સવારે : ૮ થી ૬

ફ્લેટ વેચવાનો છે

સે.પસીમાં ૧૦૦ મીટરનો, ૩ બેડરૂમ, હોલ, કિચન વીથ ફર્નિચર. કિંમત : ૪૧ લાખ તથા ઘ-૬ કોર્નરે ૨ ઉપ વારનો પ્લોટ.
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સમય : સવારે ૮ થી ૬

જોઈએ છે

અમેરિકા સ્થિત ઉંમર વર્ષ-૬૦ના અંધ સદગૃહસ્થ શ્રી રજનીકાન્તભાઈ મહેતાને અંગ્રેજી વાંચી - લખી શકે તેવા જીવનસાથી જોઈએ છે.
સંપર્ક : શ્રી પરેશભાઈ મોદી
પ્લોટ નં. ૪૪૯/૧, સેક્ટર-૮/બી, ગાંધીનગર
મો. : ૯૪૨૮૦૨૭૭૪૪

નિવિદા નં. ડી/એફઓસ/સીબી-૧/૨૦૧૩
નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન પાસે, સેક્ટર-૧૮-એ, ગાંધીનગર - ૩૮૨૦૦૭.
આ કચેરીના એચ.ટી.સબ સ્ટેશન તથા ઈલેક્ટ્રીક કામની જાળવણી નિભાવણીનો વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવાનો હોઈ તે અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૨.૫૦ લાખને ધ્યાને લઈ મહીરબંધ ભાવપત્રકો પેઢીઓ પાસેથી મંગાવવામાં આવે છે.
આ અંગેની ટેન્ડર ફી રૂા. ૫૦૦/- તથા ઈએમડી રૂા. ૭,૫૦૦/- રાખેલ છે.
(૧) ટેન્ડર ફોર્મ રૂબરૂમાં તા. ૨૯/૧૧/૨૦૧૩ના ૧૭.૦૦ કલાક સુધી મળશે.
(૨) ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૩૦/૧૧/૨૦૧૩, ૧૪.૦૦ કલાક.
(૩) ટેન્ડરો ખોલવાની તા. ૨/૧૨/૨૦૧૩ના રોજ ૧૫.૦૦ કલાક.
માહિતી/૧૬૪૦/૧૩-૧૪ નાયબ નિયામક

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા યોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (